Chap-1

**પ્રકરણ : ૧ :**

# ભૂમિકા.

ગાંધીયુગ, અનુગાંધીયુગ અને આધુનિકયુગ એવા ત્રણ ત્રણ યુગમાં સાહિત્યિક ક્ષેત્રે માતબર યોગદાન કરનાર મોટાગજાના બે સર્જકો કનૈયાલાલ મુનશી અને પન્નાલાલ પટેલના સાહિત્યિક પ્રદાનનો અભ્યાસ આરંભીએ તે પહેલાં બન્નેના પૂર્વાર્ધ જીવનની ઘટનાઓની જાણ મેળવી લેવી અતિ આવશ્યક જણાય છે. બન્ને સર્જકોની કૌટુંબિક, સામાજિક, ધાર્મિક અને આર્થિક પરિસ્થિતિનો ક્યાસ મેળવ્યા બાદ તત્કાલીન યુગપરિબળો એમના વ્યક્તિત્વના ઘડતરમાં અને સાહિત્યિક અભિવ્યક્તિની આગવી મુદ્રા અંકિત કરી આપવામાં કેવો મહત્વનો ભાગ ભજવે છે એ પણ અહીં નોંધવું ઘણું જ ઉચિત લાગે છે.

"ઇ.સ. ૧૯૧૮ પહેલાંના એટલે કે યુરોપિય મહાયુદ્ધના અંત સુધીના કાળને કેટલાક સાહિત્યકારો 'નવા અવતાર' નો યુગ (renascence) અને ત્યાર પછીના સમયને 'ક્રાન્તિનો' (revolution) યુગ ગણે છે."[૧] ગુજરાતી સાહિત્યમાં ૧૯૧૫ પૂર્વેના સાહિત્યને 'પંડિતયુગ' થી ઓળખવામાં આવે છે એ યુગે ઓગણીસમા શતકના અંત પછીય લગભગ એક દસકો બીજા યુગમાં પદાર્પણ કર્યું હતું આ સમયગાળામાં રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટ થઇ ચૂકી હોવાથી એ માળખામાં પ્રાણ પ્રગટી ઊઠયો હતો ત્યાર પછીના એટલે ૧૯૨૦ પછીના ગુજરાતી સાહિત્યને 'ગાંધીયુગ' તરીકે ઓળખવામાં આવે છે. આ 'ગાંધીયુગ'ને 'મુનશી-યુગ' કહીને એક વિવેચકે નવાજ્યો છે.[૨]

આપણે સૌ જાણીએ છીએ કે ભારત પર અનેક વિદેશી પ્રજાઓ આવી, વસી અને એણે પોતાનું સામ્રાજ્ય સ્થાપવાનો પ્રયાસ કર્યો. એમ વ્યવસાય અર્થે આવેલા 'ગોરા'ઓએ 'ઈસ્ટ ઈન્ડિયા કંપની'ની સ્થાપના કરીને ભારતભરમાં ધીમે ધીમે પગ પેસારો કરીને પોતાનું શાસન પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો અને એમાં એમને ધારી એવી સફળતાઓ મળવાથી સત્તા કરવાનો નશો ચઢવા લાગ્યો.નાનાં નાનાં રજવાડાંઓથી મહાનગરો પર પોતાનું આધિપત્ય સ્થાપીને ભારતભૂમિ પર એમણે બ્રિટિશ સત્તાનો ધ્વજ લહેરાવી દીધો.ભારતીય પ્રજા વિદેશી સત્તાની ગુલામ બની ગઈ.સત્તાસ્થાને આવતાની સાથે અંગ્રેજોએ સામ,દામ, દંડ અને ભેદની નીતિનો ઉપયોગ કરીને પ્રજા પર પોતાનો અમાનુષી કોરડો ઝીંક્વા માંડ્યો. રાક્ષસોથી નીચે ઊતરીને પ્રજા સાથે વ્યવહાર કરતો છુટાછવાયા વિરોધો ને પ્રતિકારો પણ થવા-લાગ્યા. પ્રતિકારોને સખ્તાઈથી બે નાળચાની બંદૂકને જોરે દબાવી દેવામાં તેઓ માહિર હતા. 'નર્મદયુગ'ના ગુજરાતી સાહિત્યમાં મુખ્યત્વે તો સમાજસુધારાનો કેન્દ્રિય વિચાર હોવા છતાંય આ જ કાળમાં નવજાગૃતિનો પગરવ થયો હતો અને રાષ્ટ્ર પ્રીતિની ભાવના લોકોના મનમાં નવો આકાર ધારણ કરતી હતી સ્વદેશપ્રીતિની ભાવના ને પરિણામ સ્વરૂપે ગોરા લોકોનો વિરોધ કરતાં નર્મદે લખ્યું કે -

- 'યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે.'
- 'ઊઠો રે ગુજરાતપુત્ર, સજો જુધ્ધ કાજે, પૂર્વ રંગ પેખવાને રણ ઘૂમો સસાજે;'

---

૧ 'વિવિધ વ્યાખ્યાનો' લે. બ ક ઠાકોર. ગુચ્છ ૭ ત્રણ. પ્ર.૧૯૭૩ પ્રથમ આ પૃ ૮૧

૨. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', લે ધીરુભાઇ ઠાકર પ્ર. ૧૯૯૪. પૃ.[illegible].

- 'વીરપુરુષ તે ક્યાં છે ભાઇ વીરપુરુષ તે ક્યાં છે?'[3]

નર્મદે દેશપ્રેમનાં ઘણાં કાવ્યો રચ્યાં. નર્મદનાં કાવ્યોમાં કયારેક રાષ્ટ્ર પ્રત્યેનો અનન્ય ભક્તિભાવ પ્રદર્શિત થયો છે તો કયારેક ભભૂકતી જ્વાળાઓ પ્રજ્વલિત થતી રહી છે. એનો વ્યાપ સમગ્ર પ્રજામાં ઝીલાયેલો દષ્ટિએ પડે છે. ભારતને ગુલામીની જજીરોમાંથી ઉગારવાની ચિનગારી આ કાળમાં મૂકાઇ ચૂકી હતી

જન્મભૂમિ અને માતૃભૂમિના મમત્વ અને મહત્ત્વથી ભારતીય પ્રજા સભાન બનવા માંડી હતી. એવા સમયે ઇ.સ. ૧૯૧૫ માં મોહનદાસ કરમચંદ ગાંધીએ દક્ષિણ આફ્રિકાથી સફળ સ્વાતંત્ર્યવીરનું બિરુદ મેળવીને ભારતભૂમિ પર પગ મૂક્યો. બ્રિટીશરોના હિંદ છોડીને જવા માટેનાં બીજ ત્યારે વવાઇ ચૂક્યાં પણ એની તીવ્રતા તો દેશ આખો ખળભળી ઊઠે, લાવારસ વહેવા લાગે અને સમગ્ર પ્રજા આ પાર કે પેલે પાર કરવાને મરણિયા પ્રયાસો આદરે ત્યારે જ આવે ને ! ગાંધીજી ભારતને પોતાની કર્મભૂમિ બનાવવા આવ્યા ત્યારબાદ ત્રણ દસકા સુધી જનમાનસ પર ગાંધીજીનો પ્રભાવ વિચાર અને આચારની ભૂમિકાએ જબરજસ્ત રહયો. ઇ.સ. ૧૯૧૫ થી આરંભી એમનું નિધન થયું ત્યાં સુધી એટલે કે ૧૯૪૮ સુધીના સમયગાળામાં ગુલામ બનેલા ભારતને મુક્તિનો શ્વાસ લેવડાવવા ગાધીજીએ જાણે કે ધૂણી ધખાવી. હડતાલો, સત્યાગ્રહો અને વિદેશી ચીજવસ્તુઓના બહિષ્કાર જેવાં આકરાં પગલા લઇ એમણે આબાલવૃધ્ધને ઢંઢોળવા માડયાં. શહેરોમાં અને ગામડાંમાં ખૂણે ખૂણે આ વિચારોનો વંટોળ આવ્યો ક્ષણમાત્રનો વિલંબ કર્યા વગર લબરમૂછિયા યુવાનોએ ગાંધીજીને સાથ આપવા આ સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝંપલાવ્યું અને પોતાના અભ્યાસ તથા સુખ સગવડોને અભરાઇ પર મૂકી લાઠી અને બંદૂકોનો માર ખાવા અને જેલ ભરવા તૈયારી બતાવી દેશ કાજે મોતને મુઠ્ઠીમાં લઇ ઘૂમનારા તે સમયમાં ઓછા નહોતા. ભારતદેશે સ્વતંત્રતા કેવી રીતે પ્રાપ્ત કરી તે તો ઇતિહાસની અમરગાથા બની ચૂકી છે.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી આવ્યા એ પૂર્વે 30મી ડિસેમ્બર ૧૮૮૭માં કનૈયાલાલ મુનશીનો જન્મ થઇ ચૂક્યો હતો. ૧૯૦૭ થી ૧૯૧૫ સુધીમાં મુનશી જીવન સામે સખત સંઘર્ષ કરતા રહયા હતા. ૧૯૧૩ માં તેઓ એડવોકેટ થઇને ઠીક ઠીક સ્થિર થયા હતા સમગ્ર દેશ જ્યારે એકમાત્ર સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ધ્યેયને હાંસલ કરવા ઝઝૂમતો હતો ત્યારે દેશવ્યાપી જુવાળથી અલિપ્ત રહીને મુનશીએ વકીલાતના વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું.

પંડિતયુગના મોટાગજાના સર્જકો રમણભાઇ નીલકંઠ, મણિલાલ નભુભાઇ, આનંદશંકર ધ્રુવ વગેરે સમાજસુધારણાના અને સાહિત્યના પ્રશ્નોની ઝીણવટભરી અને ગંભીરતાપૂર્વક ચર્ચાઓ કરતા હતા. 'સુદર્શન',' પ્રિયંવદા' અને 'વસંત' જેવાં સામયિકોમાં વિધવા વિવાહ, નારી સ્વતંત્રતા જેવા સામાજિક પશ્નોની ચર્ચાઓ થતી હતી. ધર્મવિષયક વાદવિવાદ થતા હતા. 'રાઇનો પર્વત' અને 'આપણો ધર્મ' જેવી કૃતિઓએ સામાજિક અને ધાર્મિક જાગૃતિ લાવવાનું પરોક્ષપણે યુગકાર્ય કર્યુ હતું. 'સરસ્વતીચંદ્ર' નવલકથાની સમાજ ઉપર અને સમાજજીવનની આ સર્જનકૃતિ પર ગાઢ અસરો પડેલી જોવા મળે છે

3 'નર્મદ મદિર' લે. નર્મદ, પ્રકા.વ. ૧૯૩૭.પુ મુ ૧૪૮.૭૬.૧૨૫

૧૯૧૪ માં વિશ્વયુધ્ધનો આરંભ થયો અને ત્યાર પછી અનેક રાજકીય ઘટનાઓ ઘટે છે એમા બંગભંગની ઘટનાની હિલચાલ, લાલ-બાલ-પાલની ત્રિપુટી દ્વારા રાષ્ટ્રીય અસ્મિતાનો ઉદ્ભવ, ૧૯૧૯મા જલિયાંવાલા બાગનો હત્યાકાંડ, ૧૯૨૦ માં અસહકારના આંદોલનનો આરંભ, ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના અને સ્વદેશીની હિલચાલ વગેરે.

આવા સમયમાં મુનશી રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં ન લેતાં સામે છેડે બેસીને ૧૯૧૬ મા 'પાટણની પ્રભુતા' અને બીજે વર્ષે 'ગુજરાતનો નાથ' નવલકથાઓ પ્રકાશિત કરે છે એ સમયે ઐતિહાસિક કથાનક પર સર્જાયેલી આ કૃતિઓએ લોકહૈયામાં મજબૂત સ્થાન પ્રાપ્ત કરી લીધું હતુ એમની કૃતિનાં પાત્રો લોકોના મનપટ પર એવાં તો છવાઇ ગયાં હતાં કે સાહિત્ય જગતમાં મુનશીનો ડંકો વાગવા માંડયો હતો.

ગાંધીજી અમદાવાદમાં આશ્રમ સ્થાપીને સ્વસ્થતાપૂર્વક સરકારના જુલમો સામે લડત આપવાનો નકકર કાર્યક્રમ ઘડી રહયા હતા. શ્રીમતી એની બેસન્ટની હોમરૂલ ચળવળનાં વળતાં પાણી થતાં હતાં ગાંધીજી એમનાં વિચારો અને કાર્યોથી સમગ્ર રાષ્ટ્રનું આકર્ષણ કેન્દ્ર બનતા જતા હતા. પરંતુ મુનશીને હજી સુધી ગાંધીજીનાં વિચારો અને યોજનાઓ માફક આવ્યાં ન હતાં આ અરસામા ૧૯૨૦મા બારડોલી સત્યાગ્રહ થયો. ભારતભરમા બારડોલી આકર્ષણકેન્દ્ર બન્યું. બ્રિટીશ સરકારે ખેડૂતો પર મહેસૂલની બાબતમા દમન ચલાવ્યુ. બ્રિટીશરોની આ નીતિને સખત રીતે વખોડી નાખીને અંગ્રેજ રાજ્ય વ્યવસ્થાનો વિરોધ કરવા માટે ગાંધીજીએ સત્યાગ્રહની લડતનો આદેશ આપ્યો હતો વલ્લભભાઇ પટેલના નેતૃત્વ હેઠળ બારડોલીના ખેડૂતોએ બ્રિટીશ નીતિનો પ્રતિકાર કર્યો. સત્યાગ્રહ કરવાથી ત્યાંના ખેડૂતોએ જમીન-જાગીરીને ગુમાવીને જેલયાત્રાએ જવું પડયું છતાંય એમનામાં રહેલી પ્રતિકારકરવાની શક્તિ ખંડિત થઇ નહોતી આ સમયમાં મુંબઇમાં જઇને મુનશીએ જમનાદાસ, શંકરલાલ બેંકર અને ઇન્દુલાલ યાજ્ઞિક સાથે મળીને એક નવા પ્રકારનો પક્ષ રચવાનો પ્રયત્ન કર્યો અને તેઓએ 'નવજીવન અને સત્ય' માસિક કાઢયું. ત્યાર પછી 'યંગ ઇન્ડિયા' શરૂ થયું અને તેના તેઓ સહતંત્રી હતા. આ પછી મુનશી 'હોમરૂલ લીગ'ની પ્રવૃતિમાં જોડાયા હતા. ઝીણા અને અન્ય મિત્રોના સહારે મુંબઈમાં ચળવળ કરવાની અને ગુજરાતનાં ગામોમાં રાજકીય પ્રેરણા આપવાની કાર્યપ્રવૃતિમાં તેઓ સામેલ થયા.રાજકીય રંગે હવે તેઓ રંગાવા લાગ્યા અને કોંગ્રેસ પક્ષમાં સક્રિય ભૂમિકાઓ નિભાવવા લાગ્યા તેઓ હોમરૂલ સહમંત્રી બન્યા. ગાંધીજી હોમરૂલના લીગના પ્રમુખપદે હતા ત્યારે મુનશી પર ગાંધીજીની ત્યાગવૃત્તિની ખાસ્સી એવી અસર હતી પરંતુ ગાંધીજીની જીદને સહી લેવા તેઓ તૈયાર ન હતા.પરિણામે મુનશીને એમની સાથે કામ કરવાનું રુચતું ન હતું. એ તો સ્વયં વિકસવા માંગતા હતા તેથી બીજાએ તૈયાર કરેલા બીબામાં ઢોળાઈ પોતાના વ્યક્તિત્વને વિકસાવવાનું જરાય સ્વીકાર્ય ન હતું. એમનો વકીલાતનો વ્યવસાય પણ જામવા માંડયો હતો. આર્થિક રીતે સધ્ધરતા પ્રાપ્ત થતી હોવાને કારણે તેઓ હાઇકોર્ટનાં કાર્યોને વિશેષ પ્રાધાન્ય આપવા લાગ્યા હતા.

એટલામાં ગાંધીજીએ કોંગ્રેસનુ ધ્યેય બદલવાના પ્રયત્નો શરૂ કર્યા જેથી નાખુશી વ્યક્ત કરવા મહમ્મદઅલી ઝીણા અને મુનશી 'હોમરૂલ લીગ' અને કોંગ્રેસથી છુટ્ટા થયા. અહી ગાંધીજીનો ખોફ વહોરી લઇને મુનશીએ નીડરતાપૂર્વક હોમરૂલ લીગ અને કોંગ્રેસનો ત્યાગ કર્યો. ૧૯૩૦ સુધીમાં મુનશીએ

આર્થિક રીતે સધ્ધર બનવા માટે પૈસા પાછળ દોડધામ કરી વકીલાતના વ્યવસાયમાંથી અને સાહિત્યના સર્જનમાંથી કીર્તિ અને પૈસા એમને પ્રાપ્ત તો થયા પરંતુ ૧૯૩૦ ની ૧૨ મી માર્ચે સાબરમતી આશ્રમમાંથી ગાંધીજીએ દાંડીકૂચનો આરંભ કર્યો ત્યારે મુનશીના હૈયામાં રહેલા સ્વદેશ પ્રીતિના તાર ઝણઝણી ઊઠયા ગાંધીજી તો ચાલવા લાગ્યા પણ મુનશીનો જીવ રૂંધાવા લાગ્યો. પળે પળે પોતાની જાતને ગુલામ હોય એવી અનુભૂતિ કોરી ખાવા લાગી. જીવનભર કોટે ઘંટીનું પડ નાંખી ઘાણીએ ફરતા હોય એમ લાગ્યું. દરેક સવારે અને સાંજે દાંડીકૂચના સમાચાર મુનશીને અકળાવવા લાગ્યા એમને આત્મ તિરસ્કાર થવા લાગ્યો એમનો આત્મા જ એમના સામે પ્રચંડ બંડ પોકારી ઊઠયો

"હું દેશની સેવામાં શા સારું જોડાતો નથી. હું મારી ભાવના માટે કેમ કંઇ નથી કરી શકતો? ગુજરાતનો એક ગામડિયો કરે તે પણ મારાથી કેમ નથી થતું." [૪]

આ અને આવા અનેક વિચારો મુનશીને ઝંઝોળી નાખવા લાગ્યા. જ્યારે વલ્લભભાઇ પટેલ, ચંદુલાલ ડૉક્ટર જેવા પ્રિય મિત્રોને બ્રિટીશ સરકારે પકડીને જેલમાં ધકેલી આપ્યા ત્યારે મુનશીના હૃદયમાં રહેલો સુષુપ્ત સ્વદેશભાવ જાગૃત થઇ ઊઠયો. બે પરિસ્થિતિ વચ્ચે મુનશી રહેંસાવા લાગ્યા. એક બાજુ રાષ્ટ્રની હાકલ અને બીજી બાજુ વાસ્તવિક જીવન. બ્રિટીશરો છેલ્લે પાટલે બેસીને ભારતીય પ્રજા પર એમનો અમાનુષી કોરડો વીંઝવા લાગ્યા અને એમની સામે હિંદુપ્રજા મક્કમપણે મુકાબલો કરવા લાગી બ્રિટીશરોની આ નીતિથી ખફા થયેલા મુનશીએ સરકારી કાઉન્સિલમાંથી ત્યાગપત્ર આપીને બારડોલી સત્યાગ્રહના 'મહાયુધ્ધ' માં ઝંપલાવ્યું.

ગાંધીજીને તો મુનશીમાં રહેલી શક્તિનો પરિચય હતો જ. વૈચારિક મતભેદોને કારણે ગાંધીજીથી છૂટા થયેલા મુનશીને ગાંધીજીના વિચારોમાં ફરીથી રસ પડયો. ગાંધીજીની કાર્ય કરવાની પધ્ધતિ અને લોકશક્તિમાં એમને દૃઢ વિશ્વાસ બેસવા લાગ્યો. આમ તેઓ ગાંધીજી અને વલ્લભભાઇ પટેલના નિકટના સ્વજન બની ગયા.

મુનશીને આવાં કાર્યોમાં ઝંપલાવતા જોઇને એમના વિઘ્નસંતોષીઓએ એમના પર 'અંગ્રેજોને સહાય' કરવાનો આરોપ મૂકીને માનસિક આઘાત આપ્યો. રાજકારણનો આ પહેલો અનુભવ એમને અપાર દુ.ખી કરી ગયો. આ સમયે ગાંધીજી જેલવાસમાં હતા. રાજકારણમાંથી પોતાને દૂર કરવાનો એમણે નિર્ણય કરી લીધો અને જૂની પ્રવૃત્તિઓમાં રસ લેવાનું નક્કી કરી નાખ્યું પરતું માનસિક રીતે ભાંગી પડેલા મુનશીને ગાંધીજીએ આશ્વાસન આપ્યું અને એમની રાષ્ટ્રપ્રીતિ ટકાવવામાં સહાય કરી

અંગ્રેજ સત્તા સામે ગાંધીજીના નેતૃત્વ હેઠળ સત્યાગ્રહની લડતો ચાલ્યા કરતી હતી એમા અનેક પ્રકારના પલટાઓ આવવા લાગ્યા. અંતે બ્રિટીશરોએ ગાંધીજી આગળ ઝૂકવું પડયું અને તેઓએ સમાધાનનો માર્ગ શોધ્યો. હિન્દુસ્તાનને સ્વતંત્રતા આપવાની દિશામાં બ્રિટીશ સરકારે એક પગલું ભર્યું. ઇ.સ ૧૯૩૭ની કોંગ્રેસે પ્રધાનપદાં સ્વીકારવાનું નક્કી કર્યું. કોંગ્રેસ માટે આ સમયખંડ લોખંડના ચણા ચાવવા જેવો હતો. પરંતુ હિંદુઓએ રાજ્ય વ્યવસ્થા સુપેરે ચલાવીને અંગ્રેજોના મોઢા પર એક જબરજસ્ત તમાચો માર્યો હતો.

દુષ્ટબુધ્ધિ અને મુત્સદ્દી બ્રિટીશરોએ ભારત દેશના ભાગલા પાડવાની કુટિલનીતિ અખત્યાર કરીને હિન્દુ-મુસ્લિમો વચ્ચે રમખાણો કરવાનું શરૂ કર્યું. આવા કપરા કાળમાં મુનશીના માથા પર

૪ 'ક મા મુન્શી૦ સાહિત્ય, જીવન અને અભ્યાસ', લે મધુસુદન પારેખ.પ્રકા.૧૯૭૭, પ્ર આ., પૃ ૩૯

મુંબઇના ગૃહપ્રધાનની જવાબદારી આવી હતી રમખાણોને કારણે વાતાવરણ અજંપાભર્યું અને અનિશ્ચિતતાભર્યું હતું. આ પરિસ્થિતિને કડક હાથે ડામી દેવા માટેનો સંકલ્પ કરીને હુલ્લડવાળા વિસ્તારોમાં તેઓ ફરી વળ્યા અને તોફાની અસામાજિક તત્ત્વોને ડામી દેવા માટે નવી જેલો ઊભી કરી એક પછી એક હુકમો છોડીને એમને 'બ્લેક લિસ્ટ' માં નામ ધરાવતાં સઘળાં તોફાની તત્ત્વોની એક સાથે ધરપકડ કરીને તોફાની વર્તુળમાં હાહાકાર મચાવી દીધો હતો પરિણામે કોમી રમખાણો ઠંડાં પડી ગયાં. એમની મક્કમતા, કોઠાસૂઝ અને સમયસૂચકતાને કારણે પરિસ્થિતિ થાળે પડી મુનશીની નવલકથાનાં પાત્રોમાં આ મુત્સદ્દીગીરીનો ભરપૂર ઉપયોગ જોવા મળે છે.

રાજકારણના રંગે રંગાયેલા મુનશી વિદ્યાવિમુખ નહોતા બન્યા. પશ્ચિમી વિચારો અને આચારોની છાયાઓ એમનામાં ઝીલાયેલી હતી પરંતુ તેઓ હંમેશાં ભારતીય સંસ્કૃતિના વારસાની જાળવણી અને એને પ્રદિપ્તમાન કરાવવાની આકાંક્ષાઓ સેવતા હતા. હજારો વર્ષના જૂના પુરાણા ભારતીય ધર્મગ્રંથોનો ઉમળકાથી અભ્યાસ કરીને તેના પરિપાક રૂપે મુનશીએ પૌરાણિક કથાનકો ઉપર નાટકો અને નવલકથાઓનું સર્જન કરવા માંડયું હતું. 'લોપામુદ્રા', 'લોમહર્ષિણી', 'ભગવાન પરશુરામ' અને 'કૃષ્ણાવતાર' અને અન્ય નાટકો મહત્વનાં બની રહયા

ભારતીય સંસ્કારનાં મૂલ્યોનો પ્રસાર કરાવીને મુનશીને તૃપ્તિ ન થઇ આથી તેઓએ 'ભારતીય વિદ્યાભવન' ની સ્થાપના કરીને ભારતીય સંસ્કૃતિનો શિક્ષણ અને સાહિત્ય દ્વારા પ્રસાર કર્યો અને અર્વાચીન યુગની વિચારણાનો એમની સાથેનો સંબંધ પ્રસ્થાપિત થાય એવા પ્રકારની પ્રવૃત્તિ આદરી

અંગ્રેજ સરકારે કોંગ્રેસના પ્રધાનપદાનો સ્વીકાર કર્યો હોવા છતાંય એમના પેટમાં પાપ હતું. અંગ્રેજોએ કોંગ્રેસ સરકારને તોડી નાંખવા માટે પાછલા બારણે મુસ્લિમ લીગને ઉપયોગી પીઠબળ પૂરું પાડવા માંડયું. આથી મહમ્મદઅલી ઝીણાએ અલગ પાકિસ્તાનની માગણી કરી રાષ્ટ્રને અંગ્રેજોએ કોમી રમખાણોના દાવાનળમાં ફરીથી ધકેલી આપ્યું પરિણામે હિંદમાં વ્યાપકપણે હિન્દુ-મુસ્લિમ વચ્ચે 'કોમી રમખાણો' ફાટી નીકળ્યાં. અહિંસાને કાયરની ઢાલ બનતી જોઇને મુનશી કહે છે કે

"અનિષ્ટને જોઇને નાસી જવું એ તો સ્વયં અનિષ્ટ કરતાં પણ મોટું પાપ છે " [૫]

ગાંધીજીના ઉચ્ચ આદર્શભર્યા વિચારો મુનશીને ખટકવા લાગ્યા. આથી તેઓએ પોતાના મનનો બળાપો ગાંધીજી આગળ ઠાલવ્યો હતો. મુંબઇમાં વ્યાપકપણે ફાટી નીકળેલા કોમી રમખાણોને મુનશીએ કડક હાથે ડામી દીધાં - ત્યાં જ તેઓ ગાંધીજીની વિચારધારાની વિમુખધારામાં ચાલવા માંડયા અને તેઓ કોંગ્રેસમાંથી છુટા થઇને 'અખંડ હિન્દુસ્તાન' નો કાર્યક્રમ પ્રજા સમક્ષ લઇને આવ્યા. અખંડ હિન્દુસ્તાનની પાછળ એમનો મુખ્ય આશય તો ભારતીય પ્રજાજનોની આર્થિક અને સાંસ્કૃતિક એકતાનો જ હતો. જે એમની પૌરાણિક નવલકથાઓ 'વિશ્વરથ', 'ભગવાન પરશુરામ', 'લોમહર્ષિણી' અને 'કૃષ્ણાવતાર' માં જોવા મળે છે.

મુનશીએ પોતાના સાથી મિત્રોની ટીકાઓને સહન કરી પરંતુ પોતાના વિચારોને મક્કમપણે વળગી રહીને પોતાને અભિપ્રેત વિચારધારાઓનું જ અનુસરણ કર્યું.

બીજું વિશ્વયુધ્ધ ઉગ્ર અને વ્યાપકપણે ફેલાવા લાગ્યું ત્યારે સરકારે કરેલી ભારતની અવગણના અને એમની બદદાનત જોઇને ગાંધીજી ઊકળી ઊઠયા હતા આથી એમણે ઇ.સ. ૧૯૪૨ માં અંગ્રેજ

૫ એજન - પૃ.૪૩

સરકારને સ્પષ્ટપણે કહયું કે : 'કિવટ ઈન્ડિયા'. પોતાના વિચારોને સફળ બનાવવાનો પ્રજાને મહામંત્ર આપતાં મક્કમતાથી એમણે કહયું કે . 'કરેંગે યા મરેંગે'. ગાંધીજીના આ સૂત્રને વિચારોવશ બનીને વર્તતી પ્રજાએ ગાંધીજીના આ સૂત્રને 'ગાયત્રીમંત્ર' માન્યો અને સ્વાધીનતા મેળવવા માટે દેશવ્યાપી હડતાલો થવા લાગી આ લડતને સખત હાથે ડામી દેવા માટે અંગ્રેજ સરકારે 'સિંહના જેવી હિંસા' આદરી દીધી હિંદને સ્વતંત્રતા અપાવવા પ્રાણ ન્યોછાવર કરનાર નેતાઓને એમણે જેલમાં ધકેલી આપ્યા. આવા સમયે ગાંધીજીની વિચારધારાથી છૂટા થયેલા મુનશીએ બ્રિટનની ઝાટકણી કાઢીને પોતાનામાં રહેલો રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કર્યો મુનશી અને અન્ય સ્વદેશવત્સલ નેતાઓ જેલ બહાર રહીને ભારત સ્વતંત્ર બને તે માટે છેલ્લે પાટલે બેસી ગયા. ઇ.સ. ૧૯૪૫ માં ચર્ચિલનું પતન થયું અને અર્ટલીની મજૂર સરકાર આવી. કોંગ્રેસ નેતાઓની જેલમુક્તિ થઇ. હવે ભારતની સ્વતંત્રતા હાથવેંતમાં હતી. મુસ્લિમોનું અલગ પાકિસ્તાનનું સ્વપ્ને ય સાકાર થવાને કિનારે જ હતું.

આમ, વર્ષોથી અંગ્રેજ શાસન નીચે કચડાયેલું ભારત પરતંત્રતામાંથી સ્વતંત્ર બન્યું. સ્વતંત્રતાને પ્રાપ્ત કરેલ ભારતને હવે આવા સમયે નિષ્ઠાવાન પીઢ નેતાઓની અત્યંત જરૂર હતી. ગાંધીજી અને સરદારની નજરમાં મુનશી હતા પરંતુ મુનશીએ પાછલા બારણે કોંગ્રેસમાં જોડાવાની સખત શબ્દોમાં 'ના' પાડી દીધી હતી. સ્વાધીનતા અપાવવા માટે મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર અગ્રણી દેશનેતાઓની ધ્યાનમાં મુનશી હોય એજ મુનશીની વિરલ પ્રતિભા કહેવાય અને એવા મહત્વપૂર્ણ અગ્રણી નેતાઓને 'પાછલા બારણે કોંગ્રેસમાં નહી જોડાઉં' એમ કહેવાનું દુ:સાહસ કરવાનું મનોબળ પણ વિરલ વ્યક્તિઓમાં જ હોય. પોતાને અભિપ્રેત એવી વિચારસૃષ્ટિમાં વિહરવાનું એમનું લક્ષ્ય રહેલું હતુ. આખરે પૂરા ગૌરવ સાથે તેઓ કોંગ્રેસમાં પ્રવેશ્યા. મુનશીની આવી વિચાર પ્રતિભાનું પ્રતિબિંબ એમની પૌરાણિક નવલકથાઓનાં પાત્રો પર જ નહીં પરંતુ એમની ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓનાં પાત્રોમાં પણ ઝીલાયેલું જોવા મળે છે. 'વિશ્વરથ' નવલકથામાં શમ્બરના ગઢમાં કેદ થયેલ વિશ્વરથ કેદી અવસ્થા ભોગવવાને બદલે પોતાની વ્યક્તિ પ્રતિભાથી શમ્બરના લોકસમુદાય ઉપર પોતાનો પ્રભાવ પાડીને પોતાને અનુરૂપ એવું વાતાવરણ જન્માવે છે. 'ભગવાન પરશુરામ' માં સહસ્ત્રાર્જુનનો કેદી બનેલો પરશુરામ યાદવ પ્રજાનો ગુરૂ બની બેસે છે. ડફનાથ અઘોરીને ત્યાં પરશુરામ પોતાના વ્યક્તિત્વનો પ્રભાવ ફેલાવીને ડફનાથ જેવા અઘોરીને પોતાને અનુરૂપ કરી લેવાની પ્રતિભા ધરાવે છે. પરશુરામ અન્ય જાતિના સમૂહમાં પણ પોતાનો ધારદાર પ્રચંડ વ્યક્તિત્વ પ્રભાવ પાડીને લોકસમુદાયને પોતાના વશમાં કરી લે છે. એ જ રીતે 'કૃષ્ણાવતાર' નવલકથામાંનું મુખ્ય પાત્ર કૃષ્ણ દરેક પરિસ્થિતિઓમાં, દરેક ઘટનાઓમાં, દરેક પાત્રો પર પોતાના વિરલ વ્યક્તિત્વનો પ્રભાવ પાડે છે. અહીં નોંધી શકાય કે મુનશીનાં પાત્રો એમની પોતાની માટીમાંથી ઘડાયેલાં જોવા મળે છે.

કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા પછી મુનશીએ હૈદરાબાદના એજન્ટ જનરલ તરીકે સૌથી નાજુક અને અતિ જોખમી એવી કામગીરી બજાવી હતી. નાનાં નાનાં રજવાડાંઓનો પ્રશ્ન સરદાર પટેલે કુનેહપૂર્વક ઉકેલી આપ્યો હતો પરંતુ હજીય કેટલાંક રજવાડાં એમની જૂની પરંપરાના નશામાં રત હતા. એમાંનું હૈદરાબાદનું નિઝામી શાસન હતું. સ્વતંત્ર ભારત સાથેના જોડાણ માટે નિઝામે સ્પષ્ટપણે અખંડ હિન્દુસ્તાનની અવગણના કરી હતી. માત્ર, પંદર ટકા મુસ્લિમ વસ્તી ધરાવનાર હૈદરાબાદ પર

નિઝામના લશ્કરનું અને એના પ્રધાન લાયક અલીનું વર્ચસ્વ હતું બીજી બાજુ, રઝાકારોએ પણ કાસિમ રાજવીના નેતૃત્વ નીચે ભારત સામે પ્રચાર કરીને આમ પ્રજાજનોને રંજાડવાનું અઘોર કૃત્ય આચરી દીધુ હતું. આવી સંવેદનશીલ પરિસ્થિતિમાં સરદાર વલ્લભભાઇ પટેલે કનૈયાલાલ મુનશીને હૈદરાબાદના એજન્ટ જનરલ તરીકે નિયુક્તિ કરીને ત્યાં જવાનો આદેશ આપ્યો. મુનશીએ ત્યાં જઇને શું કામગીરી કરવાની છે એનાથી તેઓ અજ્ઞાત હતા. લોખંડના ચણા ચાવવા જેવી કે નેવાના પાણીને મોભે ચઢાવવા જેવી કામગીરી મુનશીના માથા પર હતી. લાયકઅલીને સમજાવવો એ અતિ મુશ્કેલ કામગીરી હતી. બીજી બાજું, રઝાકારોના અમાનુષી જુલમો અમર્યાદ બનતા જતા હતા. આવી કટોકટીભરી પરિસ્થિતિમાં મુનશીએ અનેકવાર લાયકઅલીને મળીને પોતાના શિરે આવી પડેલી રાષ્ટ્રની જવાબદારીને નિભાવવા માટે નહીં પરંતુ પોતાની ફરજ હોય એ રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. અહીં તેઓ એને સમજાવવામાં સફળ થયા નહીં. હૈદરાબાદનો સઘળો ઇતિહાસ એમણે સરદાર પટેલને આપ્યો હતો. આ સમયખંડમાં ગાંધીજી ગોડસેની ગોળીનું નિશાન બનીને મૃત્યુ પામ્યા હતા એમનાં અસ્થિ હૈદરાબાદમાં લાવવામાં આવ્યાં હતાં ગાંધીજીના અસ્થિ વિસર્જનમાં હૈદરાબાદના હિંદુ-મુસ્લિમો ભાવાંજલિ આપવા જોડાયા હતા બીજી બાજું, મુનશીનું માથું લાવનારને રૂપિયા પાંચ હજારનું ઇનામ આપવાની ઘોષણા થઇ હતી મુનશીના માથે મૃત્યુની તલવાર ઝીંકાયેલી હોવા છતાં અડગતાથી પોતાને સોપાયેલ કાર્યને સાકાર કરવા તેઓ પ્રયત્નશીલ રહયા

દારુણ એવી પરિસ્થિતિને સખત હાથે ડામી દેવા માટે કૃતનિશ્ચયી થયેલા મુનશી ગાંધીવિચાર ધારાને નેવે મૂકીને હિંસાત્મક પગલાં ભરવા તત્પર બન્યા. તેઓએ પોલીસ સૈન્યને હૈદરાબાદ બોલાવ્યું. લાયક અલીએ મુનશીને કહયું કે 'અહીં કશું અજુગતું બને એ પહેલાં તમે હૈદરાબાદ છોડીને ચાલ્યા જાવ.'[૬] પરંતુ ભાર્ગવવંશની અનેરી ખુમારી લઇને જન્મેલા એવા મુનશીએ પોતાની ફરજ ચૂકવા કરતાં એ મૃત્યુને વિશેષ વહાલું કરતા હોય એમ હૈદરાબાદ નહીં છોડવાનો મક્કમ નિર્ણય કર્યો. રઝાકારોના હુમલાનો ભય હોવા છતાંય પરાક્રમી અને સાહસી એવા મુનશી માટે હૈદરાબાદની સાચી પરિસ્થિતિ જાણવાનું કાર્ય ઘણું દુષ્કર બની ગયું.

લશ્કરી સૈન્યે હૈદરાબાદમાં પ્રવેશીને નિઝામી સૈન્યને પરાસ્ત કર્યું. આથી નિઝામ મુનશી પાસે દોડતા આવ્યા. આમ, એજન્ટ જનરલ તરીકે મુનશીએ બજાવેલી કામગીરીમાં એમનો પોતાનો મક્કમ મિજાજ અને એમની વિચારસરણીનો પ્રભાવ જોવા મળે છે. ગાંધીજીના સાંનિધ્યમાં વિહરતા એવા મુનશીજી ગાંધીજીની આર્દશ વિચારધારાઓથી અહીં અલિપ્ત રહયા. અહિંસામાં માનનાર મહાત્માથી તેઓ સામેના છેડે જઇને બેઠા. તેઓ અખંડ હિંદુસ્તાનના હિમાયતી હતા પરંતુ તેઓ ગમે તે ભોગે પછી એ હિંસાત્મક રીતે હોય કે અહિંસાત્મક રીતે પણ અખંડ ભારતની હિમાયત કરતા રહયા. 'ભગવાન પરશુરામ' માં સમગ્ર આર્યાવર્ત બનાવવાનો સિંહલથી સપ્તસિંધુ સુધી ફેલાવવાનો વિચાર કેન્દ્રસ્થાને છે, 'કૃષ્ણાવતાર' માં આર્યાવર્ત બનાવવાનો વિચાર એ 'અખંડ ભારત' ના મુનશીના પ્રતિભાબીજનો જ વિસ્તાર છે.

'ગાંધીયુગ' થી પ્રખ્યાત બનેલા આ યુગમાં ગાંધીજીનો પ્રભાવ ગુજરાતી સાહિત્યમાં જ નહી પરંતુ ભારતીય સાહિત્યમાં ઝીલાયેલો જોવા મળે છે. એમની 'હિંદસ્વરાજ' અને 'સત્યના પ્રયોગો'

૬ એજન - પૃ.૪૭

જેવી ઉત્તમ કૃતિઓએ ગુજરાતી સાહિત્યમાં પદાપર્ણ ક્ર્યું હતું.

ભાષા, સાહિત્ય અને કલા પરત્વે ગાંધીજીએ નવો દષ્ટિકોણ અપનાવીને નોધ્યું છે કે

"હું પોતે ચિત્રકલા જેવી કલાનો પક્ષપાતી નથી એની મને જરૂર નથી મારી પ્રેરણા માટે પૂરતો સંતોષ મળી રહે છે તારાજડિત આકાશ જોઇને... કલાને નામે આત્મસંતોષ અને આત્મવંચનાને ન પોપો એટલું યાદ રાખો કે સમસ્ત માનવો પ્રત્યે તમારું કર્તવ્ય રહ્યુ છે તમારી કલા જેટલે અંશે સાધારણ માણસના કામમાં નહી આવશે તેટલે અંશે તે અશુભ ગણાશે વિશેષસત્તામાં મને શ્રધ્ધા નથી સારી કલા સૌને રસ આપે."[૭]

કોશિયો પણ સમજી શકે એવું સાહિત્ય રચવામાં માનનાર ગાંધીજીનો પ્રભાવ તત્કાલીન સાહિત્યના સર્જનનું પ્રેરકબળ હતું. પંડિતયુગના સાહિત્યમાં શિષ્ટ આડંબરયુક્ત, આલંકારિક અને સંસ્કૃત પ્રચુર ભાષાનો વિનિયોગ થતો હતો પરિણામ સ્વરૂપે સામાન્ય પ્રજા સાહિત્યની નિકટ જઇ શકતી ન હતી પરંતુ ગાંધીજીના પ્રવેશ પછી સાહિત્ય સર્જનમાં આમૂલ પરિવર્તન આવ્યું અને સાદી, સીધી, સરળ, અનાડંબર, મિતાક્ષરી, અલંકાર રહિત ભાષા પ્રયોજાવા લાગી આની અસર મુનશી અને પન્નાલાલના સાહિત્યના સર્જન પર જોવા મળે છે

"બીજા દશકાથી સાહિત્યક્ષેત્રે પ્રવેશ કરનાર કનૈયાલાલ મુનશી પણ સાદી અને ઓછી સસ્કૃતમય ભાષામાં કથનની સરસતા અને સચોટતા તથા અંગ્રેજી ગદ્યની વાક્છટા લાવી શક્યા છે એ પોતાના સાહિત્યસર્જનથી બતાવ્યુ છે."[૭]

અહીં પન્નાલાલ પટેલની ભાષાશૈલી પરત્વે આવું કોઇ નિવેદન કરવું શક્ય નથી તેઓ તો હૃદયમાં ઉત્પન્ન થયેલા ભાવવિશ્વને વ્યક્ત કરવા ઇશાનિયા મુલકની પ્રાદેશિક ભાષાની અનેરી ખુમારીને લઇને આવે છે

નર્મદયુગમાં સાહિત્યના ક્ષેત્રમાં 'સમાજસુધારો' એ પ્રમુખ લક્ષણ રહ્યું હતુ આ પછીના સમયમાં સમાજ સુધારાની ભાવના જળવાઇ રહે છે જે ગાંધીયુગમા અવિરતપણે ચાલુ રહે છે. ભોગીન્દ્રરાવ દિવેટિયાની સામાજિક નવલકથાઓમાં અને મુનશીની 'વેરની વસુલાત', 'કોનો વાંક?' વગેરે કૃતિઓમા આ જોવા મળે છે. નર્મદ સમયથી આરંભાયેલી સમાજને સુધારણાની ભાવનામાં નહિવત્ એવા સુધારાથી વિશેષ કાંઇ થયું નહીં. સમાજમાં વ્યાપકપણે ફેલાયેલાં દૂષણો, અનિષ્ટો, રૂઢિ, રીત, રીવાજો, માન્યતા, અંધશ્રધ્ધા વગેરે ગાંધીયુગમા પણ એવી ને એવી જ રહે છે.

ગાંધીયુગમાં આવેલી રાજકીય ક્રાંતિની વાત તો સાચી પણ સામાજિક ક્રાતિ સંદર્ભે જોઇએ તો વર્ષોથી ઘરની ચાર દિવાલે વચ્ચે ભરાઇ બેઠેલી નારીને ગાંધીજીએ ઘરની બહાર કાઢી, બુલદ અવાજે બોલતી કરી પોતાનું હિત-અહિત સમજતી કરી અને પુરુષ સાથે ખભેખભો મિલાવી કામ કરી શકાય એવું સમજતી કરી. ગાંધીયુગના ભારતીય ભાષાઓના સાહિત્યમાં આ સંવેદન અનેક રીતે ઝિલાયેલું છે

ઓગણીસમી સદીનો પ્રારંભ થાય એ પૂર્વેના ભાગમાં જ 'પ્રાર્થના સમાજ', 'આર્ય સમાજ' અને 'થિયોસોફિકલ સોસાયટી'એ લાવેલી ચેતના બે અઢી દાયકા સુધી કાર્યવંત રહે છે આની શુભ અસર ગુજરાતી સાહિત્ય પર ઝીલાયેલી જોવા મળે છે.

---

૭. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' લે. ધીરુભાઇ ઠાકર પ્રકા.વર્ષ. ૧૯૯૪
પ્ર.આ. પૃષ્ઠ. ૧૮

ભાર્ગવકુળમાં જન્મેલા મુનશી પર ભાર્ગવકુળના પૂર્વજોનો પ્રભાવ અને સંસ્કારો ઝીલાયેલા હોય એ સ્વાભાવિક છે ભૃગુઋષિએ નર્મદાકિનારે આવેલા ભરુચ આગળ એક હજાર વર્ષ સુધી તપ કર્યું હતુ એ પરથી આ સ્થાનને 'ભૃગુકચ્છ' કે ભૃગુતીર્થ' કહેવાયુ. મહર્ષિ જમદગ્નિ અને એમના પ્રતાપીપુત્ર પરશુરામ એ આ વંશના મહામાનવો હતા ભાર્ગવો પોતાને પરશુરામના વંશજ લેખવામા અનન્ય ગૌરવ માનતા હતા. આ કુળગૌરવ મુનશીના સાહિત્યમા પણ પ્રતિબિંબિત થતું દેખાય છે પરશુરામ જેવા પરાક્રમી ઋષિના પાત્રને મુનશી યથાતથ નિરૂપી ગૌરવવંતું બનાવે એ સહજ લાગે છે

મુનશી પોતાના બાળપણ અંગે લખે છે કે "હુ Funny little boy' હતો હુ આખો વખત એરેબિયન નાઇટ્સ વાંચ્યા કરતો અને બોલતી માછલી, પર્વતમાં પડેલા હીરા, ને ઊડતા ઘોડાનો વિચાર કર્યા કરતો. દમાસ્કસના દરવાજા પર મને ગરૂડ લઇ જાય, તેનો દરવાજો ખૂલે અને હું જ પહેલો હોવાથી કોઇ મને સુલતાન સ્થાપી કુંવરી પરણાવે એની વાટ જોયા કરતો."[૮]

મુનશીના બાલ્યકાંડમા એરેબિયન નાઇટ્સનો ખાસ્સો એવો પ્રભાવ ઝીલાયેલો છે .

કેટલાક વિવેચકોએ મુનશી અંગે ટકોર કરતાં લખ્યું છે કે 'મુનશી પાછલા પગે ચાલે છે' સાહિત્યજગતમાં સામાજિક નવલકથાઓથી આરંભ કરનાર મુનશીએ ઐતિહાસિક અને પૌરાણિક નવલકથાઓનું સર્જન કર્યું છે મુનશી પર બાળપણમાં ઝીલાયેલી અસરોએ અને ભાર્ગવવંશના મહાપ્રતાપી પૂર્વજોને ભાવાંજલિ અર્પવાની ઉચ્ચ ભાવનાએ આર્યત્વ અને અખંડ ભારતના ભાવને અભિવ્યક્ત કરવા માટે એમને પૌરાણિક કથાનકો રચવાનું સ્ફૂર્યું હશે 'વિશ્વરથ' કૃતિમા દેવો સાથે વાર્તાલાપ કરવો, મંત્રો દ્વારા માનવોને પુન જીવિત કરવા વગેરે, 'ભગવાન પરશુરામ' કૃતિમાં ડૂબતા વહાણને ઉગારતા રામનું વર્ણન કરવું, ડંકનાથ અઘોરી મગર પર ભ્રમણ કરાવવુ અને પાણીમાં ચાલવુ, સહસ્ત્રાર્જુનના કિલ્લાના મિનારા ઉપરથી રામ કુદકો મરાવવો, અર્જુન-મૃગા સામે પ્રભુરૂપે પરશુરામને પ્રગટાવવા આ અને આવા અનેક ચમત્કારિક કથાપ્રસંગો એમણે નિરૂપ્યા છે કૃષ્ણના જીવનની આજુબાજુ બનતી ઘટનાઓમાં આવા અદ્દભૂત સાહસભર્યા, ચમત્કારિક કથાપ્રસંગોને મુનશીએ 'કૃષ્ણાવતાર' માં આલેખ્યા છે

જીજીમા પાસેથી સાંભળેલી પૌરાણિક વાર્તાઓના જે સંસ્કાર મુનશીના બાળમાનસ ઉપર પડ્યા હતા એમને દ્રઢમૂલ કરવામાં આદિતરામે પણ નોંધપાત્ર ફાળો આપ્યો છે જીવનમાં પાછલાં વર્ષોમા પૌરાણિક કથાનકો લખવા પાછળનો એમનો ઝોક રહ્યો તેનું શ્રેય એમની માતા તાપીબાઇને જાય છે એમના જ શબ્દોમાં એ વાત જોઇએ -

"બાની વાતોએ જે પૌરાણિક સૃષ્ટિનો મને પરિચય આપ્યો હતો, તેમા મને આદિતરામ ભટ્ટ રોજ લઇ જતા. લાક્ષાગૃહમાંથી બધા ચાલી નીકળતા પણ હું એકલો જ સપડાઇ જતો, અગ્નિઓએ દાઝતો દ્રુપદતનયા કર્ણને દાસીપુત્ર કહી પરણવાની ના પાડતી ત્યારે તેને આશ્વાસન આપવા હું એકલો જ ઊભો રહેતો, પણ બધામાં નાના ત્રંબકને વેશે પરશુરામ તો બોલાવ્યે વણ બોલાવ્યે હાજર જ આમ, એ ગાગરિયા ભટની માણને રણકારે હું મારા રુધિરમા રહેલું બ્રાહ્મણત્વ સજીવન કરવા લાગ્યો "[૯]

બાળપણથી જ કથા સાભળવામાં મુનશીને અદમ્ય રસ રહ્યો હતો કથા સાંભળતી વખતે રસપ્રવાહ અટકી જાય એ એમને ગમતું નહી

---

૮ 'અડધે રસ્તે', લે ક મા મુનશી, પ્રકા વર્ષ.૧૯૪૩, પ્ર આ , પૃ ૮૭

૯ 'મુનશીના ઐતિહાસિક અને પૌરાણિક નાટકો' લે બાબુ દાવલપુરા, પ્રકા.વર્ષ.૧૯૮૧, પૃ ૩

'અરેબિયન નાઇટ્સ' ના વાચન ઉપરાંત માતાએ પૌરાણિક કથાસૃષ્ટિનો પરિચય કરાવ્યો હતો અમના પિતા જ્યારે સુરતમાં રહેતા હતા ત્યારે 'વાકાનેર આર્યહિતવર્ધક નાટય મંડળી' ના ત્રણ કાઠિયાવાડી ગૃહસ્થો એમને ત્યાં રહ્યા હતા આથી મુનશીને રોજ રાત્રે નાટક અને રોજ થતાં રિહર્સલ જોવાનો લાભ મળતો હતો આ નાટય મંડળીએ ભજવેલા 'સીતા-સ્વયંવર' માં મુનશીના મિત્ર ત્રબંકે કરેલી પરશુરામની ભૂમિકા એમને એવી તો આકર્ષી ગઇ હતી કે એની એમના પર ચિરસ્થાયી અસર પડી હતી આ અંગે એમણે નોંધ્યું છે કે -

"કલ્પનાના ઘેનમા ચકચૂર બની હુ ઘરે આવ્યો બીજે દહાડે સવારથી મેં ભણવાનું તેમજ 'અરેબિયન નાઇટ્સ' ઊંચા મૂક્યાં. મારી પાસે એક નાનું ક્રિકેટનું બેટ હતું. તેના પર વરખ ચોંટાડાઇ ગયો અને પરશુ તૈયાર થઇ ગઇ. ત્ર્યંબક તો હતો જ. બજારમાંથી પાવડીઓ આવીને હું પરશુરામ બની ગયો બાપાજી જમદગ્નિ જેવા હતા ને બા રેણુકા જેવી હતી. બાકીના બધા પણ હાજર હતા "[૧૦]

નાનપણમાં જ એમણે નાટયમંડળી રચી અને નાટકો ભજવવા માંડ્યાં બાળપણમાં મળેલાં સંસ્કાર અને પાત્ર તરફના અદમ્ય આકર્ષણને ફલ સ્વરૂપે મહા પ્રતાપી એવા એકવીસવાર પૃથ્વીને નક્ષત્રિય કરનાર પરશુરામને ભાર્ગવ વંશના મહાન ઋષિ તરીકે નહી લેખતાં મુનશીએ આ પાત્રને 'ભગવાન' રૂપે નિહાળીને 'ભગવાન પરશુરામ' એવી નવલકથાનુ સર્જન કર્યું છે.

મુનશીનુ કુટુબ ધર્મના સંસ્કારે રંગાયેલુ હતું મુનશીમા પણ એ સસ્કારો દ્રઢીભૂત થયા હતા તેઓ નાનપણમાં ધર્મચૂસ્ત હતા. 'જય સોમનાથ'ની નાયિકા ચૌલામાં શિવભક્તિનાં બીજ હશે પરશુરામમા પણ શિવ ભક્તિનાં બીજ જેવા મળે છે. બાળપણમાં અંકુરિત થયેલા આ ધર્મ બીજ એમની ઉત્તરાવસ્થામાં લખાયેલી પૌરાણિક નવલકથાઓ 'ભગવાન પરશુરામ', 'લોપામૃદ્રા' ના પ્રથમ ખંડ 'વિશ્વરથ', 'લોમહર્ષિણી' અને 'કૃષ્ણાવતાર' માં એના દઢ અનુબંધ સાથે અભિવ્યક્ત થયેલાં જોવા મળે છે

આ ઉપરાંત, મુનશીના મન પર પાશ્ચાત્ય નવલકથાકાર એલેકઝાન્ડર ડુમાએ પણ ગજબનું આકર્ષણ જન્માવ્યું હતું. એમની 'થ્રી મસ્કેટિયર્સ' અને અન્ય કૃતિઓ એમણે રસપૂર્વક વાંચી હતી આમ, બાળપણમાં ઝીલાયેલી અસરો એમની પૌરાણિક નવલકથાઓમાં જોવા મળે છે.

સાહિત્યકારો તો 'યુગનું સંતાન' હોવાથી મોટા ભાગના સાહિત્યસર્જનમાં આ ભાવો પ્રત્યક્ષ કે પરોક્ષપણે અભિવ્યક્ત થયેલા જોવા મળે છે. મુનશી રાજકારણના રંગે રંગાયા હોવાથી તેઓ ગાંધીજીની અતિ નિકટ હતા સ્વતંત્રતા પ્રાપ્તિ પૂર્વે અને પછી પણ એઓ રાજકારણમાં પ્રવૃત રહ્યા હતા પરંતુ ઇ.સ.૧૯૧૫ માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારતમાં પગ મૂકે એના ત્રણ વર્ષ પહેલા સાબરકાંઠાની સરહદ કાંઠે આવેલા માંડલી નામના એક નાનકડા ગામના ખેડૂત પિતા નાનાલાલને ઘરે ૭ મી મે ૧૯૧૨ માં પન્નાલાલનો જન્મ થયો હતો. નાની એવી વસ્તી ધરાવતું માંડલી ગામ ગુજરાતમાં વહેતા થયેલા નવા જીવન પ્રવાહોથી હજી વંચિત રહ્યું હતું. નવા યુગની ઝંઝાવાતી હવાઓની અસરો અહીં પડી ન હતી. નવી વિદ્યા અને નવી જીવનરીતિ હજી આ ગામને ઉંબરે પહોચ્યાં નહોતાં.

મુનશી અને પન્નાલાલ બંને ગાંધીયુગના ગુજરાતી સાહિત્યના મોટાગજાના ખ્યાતનામ નવલકથાકારો હોવા છતાં બંનેના જીવન અને ઉછેર વચ્ચે આભ-જમીનનું છેટું હતું.

---

૧૦ 'અડધે રસ્તે', લે મુનશી.પ્રકા.વર્ષ ૧૯૪૩, પ્ર આ પૃ ૯૦-૯૧

પન્નાલાલ પટેલનો જન્મ અને એમનો ઉછેર તથા એમને મળેલા સસ્કારો, મુનશીના જન્મ, ઉછેર, ઘડતર અને સંસ્કાર કરતાં તદ્દન નોખા જ છે. ગુજરાતી સાહિત્યના બન્ને ખમતીધર નવલકથાકારોના જન્મ, ઉછેર અને ઘડતરને જાણવા અનિવાર્ય છે કારણ કે એમની પૌરાણિક નવલકથાઓમાં એની અસર વર્તાય છે કેમ એ પણ અભ્યાસનો મુદ્દો છે બન્ને નવલકથાકારોનો પરિવેશ એમના અર્થઘટનોમાં કેવું વૈવિધ્ય લાવે છે એ વાત એમની કૃતિઓને માણતી વખતે જાણવી આવશ્યક છે

બાળપણમાં જ માતા-પિતાનું છત્ર ગુમાવનાર પન્નાલાલની સામે તો 'પેટ' વિકરાળ સ્વરૂપ ધરીને ઊભું રહેતું નાનશાનું ઘર 'વિદ્યાઘર' તરીકે જાણીતું હતું. ખેતીના વ્યવસાયમાં રોકાયેલા રહેવા છતાંય નાનાલાલે કોઇક રીતે ઉપયોગી એવું અક્ષરજ્ઞાન મેળવી લીધું હતું. વળી ધર્મભાવનાથી પ્રેરાઇને એમણે ધર્મવિષયક થોડુંક સાહિત્ય પણ ખરીદ્યું હતું. એમાં તુલસીકૃત 'રામાયણ', ઓખાહરણ, દયારામની ગરબી અને અન્ય ધાર્મિક પુસ્તકો વસાવ્યાં હતાં. રાતના સમયે ફળિયાના લોકોને એમાંનો કોઇ કથા ભાગ કે પદ તેઓ વાંચી સંભળાવતા હતા. આ જોઇને હીરાબા પન્નાલાલ માટે આમ વિચારતાં કે-

" . (પન્નાલાલ) ભણશે તો એય એના બાપા પેઠે આ અભણ નાતમાં પૂછાતો થશે. પાંચ વચ્ચે બેસીને એય પેલું ઓખાહરણ ગાશે ને રાતે રામાયણનું પારાયણ કરશે એના બાપની પેઠે કૌરવો-પાડવોનુ યુધ્ધ ઉકેલશે ને મીઠા રાગે પખાજ તંબૂરે ભજનો ગાશે "[૧૧]

માતાના આ સ્વપ્નોને પન્નાલાલે જીવનની ઉત્તરાવસ્થામાં પરિપૂર્ણ કરીને સાકાર કર્યાં. બાળપણમાં મળેલા આવા ઉચ્ચસંસ્કારો અને માતાની અપેક્ષાઓ એમની પૌરાણિક નવલકથાઓના સર્જન બીજ હોય એમ લાગે છે 'વિદ્યાનું ઘર' માં વ્યાપેલું વાતાવરણ બાળક પન્નાલાલના મનોવિશ્વમાં સહજ રીતે ઊતરી આવ્યું ખેતીના ધાવણમાં જ વિદ્યાકીય સંસ્કારો સહજ રીતે ભળી જવાથી એમણે 'પાર્થને કહો ચઢાવે બાણ', 'ભીષ્મની બાણશય્યા', 'કૃષ્ણ જીવનલીલા', 'કચ-દેવયાની', 'દેવયાની-યયાતિ' અને 'શિવપાર્વતી' 'રામે સીતાને માર્યા જો!' તેમજ અન્ય પૌરાણિક નવલકથાઓનું સર્જન કર્યું છે

પન્નાલાલની સામે અનેક વિટંબણાઓ ઊભી થતાં ઇડરની બોર્ડિંગમાંથી એમને અભ્યાસ અધૂરો મૂકવો પડયો. તેઓ અમદાવાદમાં વધુ અભ્યાસ માટે ગયા ત્યારે એમને ત્યાં મળેલાં પુસ્તકો વેંચી નાખી જીવનની વાસ્તવિક પરિસ્થિતિ સામે ટકી રહેવાની ફરજ પડી. સમય જતાં એમણે મીલમાં નોકરી સ્વીકારી ત્યાર પછી અમદાવાદ અને માંડલી વચ્ચે જબરજસ્ત સંઘર્ષોનો સામનો કરતાં જીવનનૌકા હંકાર્યે રાખવી પડી.

ભારતને સ્વરાજ પ્રાપ્ત થયું ત્યારે પન્નાલાલ પાંત્રિસેક વર્ષના હશે. સમગ્ર પ્રજા હિંદુસ્તાનને બ્રિટીશરોનાં હાથમાંથી મુક્ત કરાવવા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરવા થનગનતી હતી ત્યારે પન્નાલાલ આ રાષ્ટ્રીય જુવાળાથી સાવ દુર રહ્યા હતા. આની પાછળ એમની સામે ઊભી થયેલી આર્થિક સ્થિતિ જ વિશેષ પણે જવાબદાર હશે. પન્નાલાલને પેટ પૂરતું મેળવવા માટે જ્યાં ઝઝુમવું

૧૧ પન્નાલાલનુ પ્રદાન લે પ્રમોદકુમાર પટેલ, પ્રકા. વર્ષ ૧૯૮૪, પ્ર આ., પૃ ૨

પડતું હોય ત્યાં બીજાં કાર્યો માટે અવકાશ જ ક્યાંથી મળે? એમની 'માનવીની ભવાઇ' નવલકથામાં આના પડઘા સંભળાય છે. કાળુ કહે છે 'ભીખ કરતાં ભૂખ ભૂંડી છે.'[૧૨]

કનૈયાલાલ મુનશી સુવિધાઓમાં ઘડાયા છે અને પન્નાલાલનાં ઘડતર પરિબળમાં અછતનો માહોલ છે. એથી બન્નેની લેખનકળાને લાગે વળગે છે ત્યાં સુધી પૌરાણિક કથાવસ્તુ પરત્વેના એમના અભિગમો અને એમની અભિવ્યક્તિમાં આસમાન જમીનનો તફાવત છે. એક જ પૌરાણિક કથાબીજને માણવાની, નાણવાની અને વર્ણવવાની નીતિરીતિ જાણવા માટે બંને સર્જકોનો અતીત જાણવો જરૂરી છે

જીવનની સામે વિકરાળ સ્વરૂપ ધરીને ઊભી રહેલી નગ્ન વાસ્તવિકતાને સ્વીકારી લઇને પન્નાલાલે આર્થિક ભીંસમાંથી બહાર આવવા મીલમાં કામ કર્યું, દારૂની ભઠ્ઠીના મેનેજર તરીકે નોકરી કરી, દુકાનો ચલાવી અને ખેતી કરીને જીવનના પડકારને ઝીલ્યો હતો. એમણે રાષ્ટ્રીય ચળવળમાં સક્રિય એવું યોગદાન તો ન કરી શક્યા પરંતુ ડુંગરપુરાના એક સંમેલનમાં ખેડૂતવર્ગના પ્રતિનિધિ તરીકે એમણે ભાગ લીધો હતો. પન્નાલાલ ઉપર ગાંધીજીની વિચારધારની અસર ન હતી એમ તો ન કહી શકાય. એમની અન્ય કૃતિઓમાં ગાંધીજીની વિચારધારણાઓ પ્રતિબિંબિત થયેલી જોવા મળે છે જેમ કે ડૉ સી.એચ.ગાંધીએ નોધ્યું છે કે

"કાળુ ગાંધીજીની કલ્પના મુજબનો ખરેખરો ગ્રામસેવક છે. ગાધીના રચનાત્મક કાર્યક્રમની ભાવના કાળુ ક્શાય પણ દેખાડા વિના, ભાષણો વિના, ગાંધીવાણીના ક્શાય ભાન વિના સ્વાભાવિકતાથી પાર પાડતો જણાય છે. ભારતના એક ગામને સ્વપ્નનું ભાન કરાવે છે. સ્વયંભૂ આત્મ પ્રેરણાથી લોકોનું એ કાર્ય કરે છે. એ સાચા અર્થમાં માનવતાવાદી છે. લોકોમાંથી આવેલો, લોકોનો જ લોકો વડે નેતા સ્થપાતો કાળુ લૂટારો બને છે.

એક આખું ગામ સમૂહમાં ઐક્ય અનુભવી દુષ્કાળનો, શાહુકારોનો સામનો કરે, એમાં સમાન ભય નીચે આવેલી એકતા છે પણ કાળું એવી એકતા સિધ્ધ કરે છે. એક એવા ઝંઝાવાત સામે ઝઝૂમવાની આંતરિક તાકાત એના ભાંડુઓ જાગૃત કરે છે કે - જેનાથી એ સાચા લોક આગેવાન તરીકે પ્રસ્થાપિત થાય છે ગાંધીજીનો લોકજીવનમાં વણાઇ ગયેલો કર્મયોગ 'માનવીની ભવાઇ' માં આપોઆપ પ્રગટતો જોવા મળે છે."[૧૩]

આવા ભાવવિશ્વને પન્નાલાલે એમની પૌરાણિક નવલકથા 'રામે સીતાને માર્યા જો', 'કૃષ્ણજીવનલીલા' અને 'પાર્થને કહો ચઢાવે બાણ' માં અભિવ્યક્ત કર્યું છે. રામ, કૃષ્ણ અને પાંડવો લોકનેતાના રૂપમાં જ લોકો સમક્ષ બહાર આવે છે. રામ દશરથપુત્ર હોવા છતાં ય પિતાનો પડ્યો બોલ ઝીલી લેવા સહર્ષપણે રાજ્યનો અને વૈભવી વિલાસનો ત્યાગ કરીને વનમાં ચાલ્યા જાય છે અને પછી એ પ્રજાઓનાં કાર્યોને સરળતાથી પૂર્ણ કરે છે ત્યારે એ 'લોકનેતા' ના રૂપે બહાર આવે છે. કૃષ્ણ નાના અમસ્થા કસબામાં એક ગોવાળને ત્યાં જન્મ્યા અને ગોવાળો વચ્ચે ઉછર્યા પરંતુ એમણે એક પછી એક સાહસોભર્યાં કાર્યો કરીને અધર્મીઓનો નાશ કરીને રાજ્યને સુખ-શાંતિ અર્પવાનો પ્રયાસ કર્યો, એમ પાંડવો પણ પોતાના ભગીરથ પ્રયાસોથી જ લોકાદર પામે છે.

---

૧૨ 'માનવીની ભવાઇ', લે. પન્નાલાલ પટેલ, પ્ર.આ. પૃ.૩૮૩.

૧૩ 'ગુજરાતી નવલકથામા રાષ્ટ્રીય અસ્મિતા', લે સી એચ ગાધી, પૃ ૨૮૯. પ્રકા- ઘર્મ.

સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી ભારતને નિસ્પૃહી, દેશપ્રેમી અને શક્તિશાળી લોકનેતાઓની આવશ્યક્તા હતી તે મળ્યા નથી. એનું પન્નાલાલને દુ ખ છે આ ભાવજગતનુ 'શિવ પાર્વતી' નવલકથામાં પ્રતિબિંબ ઝીલાયેલું જોવા મળે છે. સત્તા અને ખુરશી વચ્ચેની ગળાકાપ સ્પર્ધા એ આજનો જ નહી પરતુ સૃષ્ટિના આરંભથી ઉદ્‌ભવેલો સનાતની પ્રશ્ન છે અને આજે તો એ વિકરાળ સ્વરૂપ ધરીને ઉપસ્થિત થયો છે

માનવનું જીવન એ સાહિત્યનું ઉપાદાન છે એ જીવન અને શબ્દોની અભિવ્યક્તિ રૂપે સાહિત્યનુ સર્જન થતુ હોય છે. જેવી રીતે 'નર્મદયુગ' અને 'પંડિતયુગ' માં સંસાર સુધારણાની ભાવના સાહિત્યના કેન્દ્રસ્થાને હતી એ જ રીતે 'ગાંધીયુગ' અને 'અનુગાંધીયુગ' માં ગાંધીજીનો પ્રભાવ સાહિત્યમાં ઝીલાયેલો છે જીવન ક્યારેય અટકતું નથી અને અપરિવર્તનશીલ રહી શકતું નથી. એનો પ્રવાહ તો સતત વહ્યા જ કરે છે. એમાં અવનાંવા વળાંકો, સુખ-દુ:ખ આવ્યા જ કરે છે. સતત બદલાતી જીવનની આવી તસ્વીરને અંકિત કરવા માટે સાહિત્યને પણ એના ડગલે ચાલવું પડે છે પ્રત્યેક યુગના આવાં પરીબળોથી જ એ યુગની પ્રજાનું જીવન ઘડાય છે અને એ આગવો ઘાટ પામતું હોય છે યુગ-પરિવર્તનની સાથે પ્રજાનુ પણ પરિવર્તન થતું હોય છે 'ગાંધીયુગ' મા જનજાગૃતિ માટે આર્દશોની સ્થાપના કરતી ઘણી બધી કૃતિઓ સર્જાવા લાગી હતી એમાં ગુલામીમાથી સ્વતત્રતા અપાવવાનો દેશાભિમાન અને દેશપ્રેમની છબીઓ જોવા મળે છે અને એની સાથે દરિદ્રનારાયણની ભાવનાઓનુ વાસ્તવવાદી ચિત્રણ પણ જોવા મળે છે

બીજા વિશ્વયુધ્ધ પછી એવા ભયંકર પરિણામોથી હેબતાઇ ગયલા વિશ્વમાં સાહિત્યિક પ્રવાહમા ગજબનો વળાક આવે છે. ગુજરાતી સાહિત્યના સદર્ભે વિચારીએ તો 'અનુગાંધીયુગ' અને 'અદ્યતનયુગ'મા પ્રશ્ચાત્ય પરિવર્તનો ખાસ્સા ઝિલાયેલાં છે પ્રજાનું માનસ બદલાતું જાય છે આથી માનવજીવનના સ્થૂળ જીવન વ્યવહારોને બદલે એના ચૈતસિક સૂક્ષ્મ સંવેદનાઓનું આલેખન વિવિધ સાહિત્ય સ્વરૂપોમા થયુ લાગે છે અભિવ્યક્તિ પરત્વે આમૂલ ક્રાંતિ થાય છે.

સાહિત્યમાં જે તે સમયની સર્વપ્રકારની ગતિવિધિનું પ્રતિબિંબ ઝિલાયું હોય છે તેમ અત્યાધુનિક સમયના સાહિત્યમા ઝિલાયેલ પ્રવાહો પણ કૌટુંબિક, સામાજિક, ધાર્મિક, રાજકીય અને વિશેષપણે માનવીની ચૈતસિક ભૂમિકાની સાંપ્રત પરિસ્થિતિનો પડઘો પાડે છે

બીજા વિશ્વયુધ્ધમાં અણુબોબ દ્વારા નરસંહારને પરિણામે વિશ્વમાનવના જીવન અને જગત પ્રત્યેનો મંગલમય વિશ્વાસ ઊઠી જાય છે. મૃત્યુની સર્વભક્ષિતાનું અને માનવના અંદર રહેલી ભયાનક પશુવૃત્તિનું આઘાતજનક જ્ઞાન આજના માનવને થઇ ચૂક્યુ હતુ આથી જ આજનો માનવ વિશ્વાસ વિહોણો અને વિદ્રોહી વૃત્તિનો શિકાર થવા લાગ્યો છે. એની સામે રહેલા ગગનગામી ઉચ્ચ આદર્શો ને રૂપાળી ભાવનાઓ છિન્ન-ભિન્ન થવા લાગી અને એની પાછળ રહેલા પાશવી માનવનું નગ્નરૂપ પ્રગટવા માંડયુ પરિણામે આજનો માનવ નિભ્રાંત થવા લાગ્યો માનવને માનવમાંથી વિશ્વાસ ઊઠી જવા લાગ્યો પરસ્પર અવિશ્વાસ અને ગેરસમજની 'ખાઇ'ઓ સર્જાવા લાગી ને એ ઊડી થવા લાગી આની વ્યાપક અસર માનવી માનવીનાં વચ્ચેના આતંરસબધો પર પડવા લાગી. કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર આવા આતંર માનવીય સબંધોના ભાર નીચે કચડાવા લાગ્યા આને પરિણામે આધુનિક સમયનો

માનવ મહાનગરોના કીડિયારમાય 'એકલતા' નો અનુભવ કરવા લાગ્યો

સ્વાતંત્ર્યપ્રાપ્તિના સમયે જે આકાંક્ષાઓ આ દેશની પ્રજાએ સેવી હતી, સ્વરાજ, સુરાજ, આબાદી અને નૂતન સમાજની ઝખનાની પૂર્ણતાના સોનેરી સ્વપ્નો જોયાં હતા એ બધાય સ્વપ્નો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના બે દસકાના સમયમા જ તૂટી ગયા શું ભારતદેશને બ્રિટીશરોની ગુલામીમાંથી મુક્ત કરવા માટે અસખ્ય પ્રાણોની આહુતિ આપણે આટલા માટે આપી હતી? એવી વેદનાભરી વાણી નીકળી પડે છે એમાંય વળી કારમો ભ્રષ્ટાચાર, સત્તાલાલસા અને વ્યાપક માત્રામા ફેલાયેલી શોષણખોરીએ સત્ય અને ન્યાયની આદર્શો અને ભાવનાઓની, સેવા અને સ્વાર્પણની એવી અવહેલના કરવા માડી જીવાતા જીવનમાં કશુક તો શુધ્ધ અને પવિત્ર હોઇ શકે. કયાંક નિસ્વાર્થ સેવા અને સ્વાર્પણ સંભવી શકે એ મૂલ્યો માનવમનમાંથી ભૂસાઇ જવાથી યત્રયુગમાં માનવી પણ યંત્રવત્ બનતો ગયો. વિજ્ઞાનની હરણ ફાળે એને ચંદ્ર પર પગ મુકાવ્યો તો સાગરનાં તળિયા ડહોળીને અવનવા વિક્રમો પ્રસ્થાપિત કરી કશુય અસંભવિત નથી એની પ્રતીતિ કરાવી આપી હવે ઇન્ફરમેશન અને ટેકનોલોજીનો આજનો યુગ તો ક્ષણ ક્ષણનો હિસાબ લે છે. દેશ વિદેશ સાથેનું પ્રત્યાયન કેટલું ઝડપી બન્યુ છે એ બળદગાડીમા કે ઊંટગાડીમા ફરનાર માણસને કેમ કરીને સમજાય? આપણે આખનો પલકારો મારીએ એટલીવારમા તો વિશ્વ ક્યાંય આગળ નીકળી ગયેલું જણાય છે આમ, ભૌતિક સુખ સપત્તિ અને સાધનોની સુવિધાના ક્ષેત્રે અકલ્પ્ય પ્રગતિ થઇ છે એમા તો શંકા નથી. માણસનુ બાહ્યજગત તો ઘણું સમૃધ્ધ લાગે છે પરતુ એનુ આતરજગત ઉલેચાતુ જાય છે, ખાલી થતુ જાય છે અને એને પરિણામે આજના માનવના હ્રદયમા ખાલીપો ભરાતો જાય છે માણસ દિશાવિહોણા બનતો જાય છે અને એ ખંડ ખડમા વિભાજિત થઇ અકારણ અકળામણોનુ જાળું વણતો જાય છે કરોળિયાની જેમ

આવા પરિવેશમા ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોમા અવનવા પ્રયોગો થવા લાગ્યા હતા. પરંપરાઓનો છેડો પકડીને રચાતી નવલકથાઓ, ટૂંકીવાર્તા કે કાવ્યોને બદલે એમા કઇક નવીનતાની લહેરો આવવા લાગી હતી સુરેશ જોશીએ નવલકથામાં ઘટનાલોપની હિમાયત કરીને એવી કલાકૃતિનું સર્જન કર્યુ પછી ઘણા નવલકથાકારોએ એમની વિચારણાને અનુસરીને નવલકથાઓનું સર્જન કર્યુ ત્યારે એ સમયગાળાના આ બન્નેય પ્રખ્યાતિને પામેલા ઉત્તમ નવલકથાકારોએ આધુનિક નવલકથાઓના પ્રવાહથી સાવ દૂર રહીને જીવનની ઉત્તરાવસ્થામા પૌરાણિક નવલકથાઓનું સર્જન કર્યું અહીંયા આપણે એમ કહી શકીએ કે પૌરાણિક કથાનકોમાં આવતા પુરુપોત્તમનું ચરિત્ર ચિત્રણ કરીને એના દ્વારા આજના યુગ માટે કોઇ પ્રેરણા આપવાનો, પ્રોત્સાહન આપવાનો ઉચ્ચત્તમ ભાવ આ કલાકૃતિઓમા છુપાયેલો રહ્યો હશે.

આમ, ગુજરાતી નવલકથાનો પ્રવાહ બે ધારાઓમાં વહેવા લાગે છે. એમાંનો એક પ્રવાહ તે પુરા કથાનકોને વિષયવસ્તુ બનાવીને સર્જન કરવાનો અને બીજા પ્રવાહમા નવીન કહી શકાય એવી અદ્યતન નવલકથાઓનુ સર્જન કરવાનો છે કનૈયાલાલ મુનશી અને પન્નાલાલ પટેલ ઉત્તરાવસ્થામાં પરંપરાનો છેડો પકડીને પૌરાણિક કથાનકોને નવલકથાનો વિષય બનાવીને સર્જન કરે છે ત્યારે બનેના આગવા પરિમાણો અને માપદડો છે, બન્નેની નોખી અનુભૂતિ છે તો અલગ નિરૂપણછટાઓ પણ છે. કેટલીક કૃતિઓમાં કથા-વસ્તુ એક હોવા છતા અભિવ્યક્તિનું વૈવિધ્ય ઘણુ આસ્વાદક બને છે